Peace of Mind

Peace of Mind Foundation, Rajkot
February 2019



બોર્ડની પરીક્ષાઓ શરુ થવાની તૈયારી પર છે. ઘણા વિદ્યાર્થીઓ ટેંશનમાં હશે. આ ટેંશનના ઘણા કારણો હોય શકે છે. એક કારણ છે - પ્રતિસ્પર્ધા. બીજા કરતા વધુ ટકા કેમ આવે અને ક્યાંય ઓછા ટકા ન આવે આ ટેંશનનું પહેલું કારણ છે. સમાધાન સીધું છે - પ્રતિસ્પર્ધા જાત સાથે કરો, બીજા સાથે નહિ. હું પહેલા જેટલા ટકા લાવતો હતો એનાથી આ વખતે વધુ ટકા લાવીશ, આ જાત સાથે પ્રતિસ્પર્ધા છે. ટેંશનનું બીજું કારણ છે - તૈયારીનો અભાવ. આખું વર્ષ મોજ કરી હોય અને હવે રાત દિવસ વાંચ્યા કરો એનાથી કંઇ ફરક પડવાનો નથી. શરૂઆતથી જ યોગ્ય રીતે વાંચન વૃત્તિ કેળવવી જોઇએ. ટેંશનનું ત્રીજું કારણ છે - અજ્ઞાન. વિદ્યાર્થીઓને ખ્યાલ હોવો જોઇએ કે શિક્ષણ નિત નવું શીખવા માટે છે, પરીક્ષા માટે નથી. શીખવું મારા અધિકારમાં છે, કેટલા ટકા આવશે એ મારા વશમાં નથી. વાંચવામાં મન પરોવશો તો ટકા સારા આવવાના જ છે. વિદ્યાર્થીઓના માં-બાપને પણ વિનંતી કે ઘરમાં સાવ હળવું વાતાવરણ રાખે અને પોતાની દિનચર્યા બાળકો પ્રમાણે સેટ કરે. દરેક વિદ્યાર્થીઓને મારી હાર્દિક સદભાવના.

સમણ શ્રુતપ્રજ્ઞજી
રાજકોટ

## આગામી કાર્યક્રમો

- ગાંધીનગર ટ્રીપ
  01/03/2019 - 03/03/2019
- ભણવડ, દ્વારકા
  04/03/2019
- આભાવલય, રાજકોટ
  05/03/2019 - 22/03/2019
- રિફ્લેક્સોલોજી શિબિર
  આભાવલય, રાજકોટ
  23/03/2019 - 25/03/2019

## ભાવિ કાર્યક્રમો

- આયમ્બિલ ઓલી કુઆલા લમ્પુર, મલેશિયા
  05/04/2019 - 19/04/2019
- શિબિર અને મહાવીર જયંતી
- મૌન રીટ્રીટ
  24/04/2019 - 30/04/2019 ચેન્નઈ, દક્ષિણ
- લંડન યાત્રા અને શિબિર

21/04/2019 - 23/04/2019
મેલાકા, મલેશિયા

કેન્યા ટ્રીપ
01/05/2019 - 20/05/2019

26/06/2019 - 07/07/2019
દિલેશ અને ચેતના મહેતા

આભાવલય, રાજકોટ
21/05/2019 - 31/05/2019

## આધુનિક યુગના જૈન શ્રાવકો કેવા હોય" ચાર દિવસીય શિબિર સંપન્ન સિંગાપોર જૈન સંઘ દ્વારા ઇન્ડોનેશિયાના ટાપૂ ઉપર આયોજન

(સમણ શ્રુતપ્રજ્ઞજી અને શિલાપીજીનું સાનિધ્ય અને માર્ગદર્શન)

સિંગાપોર તા. : 2 થી 5 ફેબ્રુઆરી 2019

ચાઇનીસ નવા વર્ષના પ્રસંગે તા. 2 થી 5 ફેબ્રુઆરી સુધી ચાર દિવસીય આવાસીયા શિબિર ઇન્ડોનેશિયાના બાતામ ટાપુ પર સફળતા પૂર્વક સંપન્ન થઇ. આશિબિર સિંગાપોરના જૈન સમાજ દ્વારા આયોજિત કરાઈ હતી. શિબિરમાં ટ્રેનિંગ આપવા રાજકોટ પીસ ઓફ માઈન્ડ ફાઉન્ડેશનના પ્રમુખ શ્રુતપ્રજ્ઞજી અનેવિરાયતનથી શિલાપીજી પધારેલ હતા. ભક્તિ ગાન માટે મુંબઈથી કેતન દેઢિયા આવેલ હતા.

શિબિરમાં સમણશ્રીએ ભગવાન મહાવીર અને જૈન શ્રાવક, શ્રાવકોની જીવન શૈલી અને આધુનિક યુગનો શ્રાવક કેવો હોય - એ ત્રણ વિષયો ઉપર 30થી ઉપરનીવયના ગ્રુપમાં પ્રવચનો આપેલ હતા. યુવાનોમાં એમને શ્રાવક એટલે છું? સોશિયલ મીડિયા અને જૈન ધર્મ તથા જીવનમાં ધ્યાનનું મહત્વ વિષય પર વાર્તાલાપઆપેલ હતા.

બપોરના ભાગમાં સોશિયલ પ્રવૃત્તિઓ રાખવામાં આવેલ હતી, રાત્રે આપકી અદાલત, ટેલેન્ટ શૉ અને સાંસ્કૃતિક કાર્યક્રમ રાખેલ હતો. આપકી અદાલતમાંશિબિરાર્થીઓએ વિવાદાસ્પદ અને જ્ઞાનવર્ધક પ્રશ્નો પૂછ્યા હતા. સમણશ્રીએ અને શિલાપીજીએ એમની આગવી ઢબે તેમના જવાબો આપ્યા હતા.

શિબિરમાં ભોજન અને અન્ય વ્યવસ્થાઓ ખૂબ જ સારી રીતે ઘડવામાં આવી હતી. સંઘ પ્રમુખ પરાગ દેસાઈએ સૌનું સ્વાગત કર્યું હતું. શિબિર સંચાલક કેનલકોઠારી અને પરેશ ટિમ્બડિયાએ દરેક કાર્યક્રમનું કુશળતા પૂર્વક સંચાલન કર્યું હતું. શિબિરમાં બાળકો, યુવાનો અને મોટી ઉંમરના મળી કૂલ 275 લોકોએ ભાગલીધો હતો.

સિંગાપોરથી બાતામ ટાપુ પર સૌ શિબિરાર્થીઓને ફેરીમાં લઇ જવામાં અને પાછા લાવવામાં આવ્યા હતા. શિબિરના પ્રતિભાવ રૂપે લોકોને શ્રાવક તરીકે કેમજીવવું એની સાચી દિશા મળી હતી અને હવે બહુ વિચારવા અને આયોજન કરવા કરતા જીવનમાં આ દરેક સૂત્રોને અને ગુણોને અપનાવી લેવાની તાત્કાલિકજરૂર છે એવું દરેકને લાગ્યું હતું.આવું આધ્યત્મિક વેકેશન કરોડો રૂપિયા ખર્ચવાથી પણ ન મળે એ સત્ય પ્રત્યક્ષ અનુભવ્યું હતું.





## કલ્પનાબેન પારેખ ( સિનસિનાટી - ઓહાયો - અમરિકા ) સેવા અર્થે આભાવલય રાજકોટમાં

### ( સરોજીની નાયડુ, જી.ટી. ગર્લ્સ અને લીલા-લાભ સ્કૂલ અને હોસ્ટેલની મુલાકાત )

અમેરિકાના ઓહાયો રાજ્યના સિનસિનાટી શહેરમાં રહેતા કલ્પનાબેન પારેખ બે દિવસનો સમય કાઢી તા. 13 અને 14 ફેબ્રુઆરી રાજકોટ આવ્યા હતા. ઘણા સમયથી એમની પોતાના વતન રાજકોટમાં સેવા કરવાની ભાવના હતી. સમણશ્રીના માર્ગદર્શનમાં પીસ ઓફ માઈન્ડ ફાઉન્ડેશન દ્વારા એમને ત્રણ શૈક્ષણિક સંસ્થાની મુલાકાત લીધી હતી. અહીંની જી.ટી. ગર્લ્સ સ્કૂલમાં 400 દીકરીઓને ઉચ્ચ અભ્યાસની પ્રેરણા આપી હતી અને દરેક દીકરીઓને લખવા માટે પેનનું બોક્સ ભેટ આપ્યું હતું. આ દીકરીઓ અંતરિયાળ ગામડાઓમાંથી આવે છે અને આર્થિક રીતે સાવ જ નબળા છે. અહીંથી અમે લીલાલાભ હોસ્ટેલની મુલાકાત લીધી હતી. વર્ષાબેનના કહેવાથી અહીંની 15 દીકરીઓ જે કોલેજ અને યુનિવર્સીટીમાં અભ્યાસ કરે છે તેમને કલ્પનાબેન દ્વારા એમની જીવન જરૂરિયાતની વસ્તુઓ પૂરી પાડવામાં આવી હતી. અહીંથી અમે સરોજીની નાયડુ સ્કૂલની મુલાકાત લીધી હતી અને ત્યાં ધોરણ 10 અને 12 ના છાત્રાઓ માટે શુભેચ્છા સમારોહમાં કલ્પનાબેને ઉત્સાહથી પરીક્ષા આપવા પર ભાર મૂક્યો હતો. સમણશ્રીએ પણ પોતાની ભાવના વ્યક્ત કરી હતી.











## ક્રિષ્ણા ઇન્ટરનેશનલ સ્કૂલમાં સમણશ્રીનું ઉદ્બોધન

### બોર્ડની પરીક્ષા સહજતાથી આપો

પરીક્ષા બહુ સામાન્ય ઘટના છે, એને સામાન્ય રીતે જ લેવી જોઈએ. પરીક્ષાનો તનાવ બાળકો કરતા વાલીઓને વધારે હોય છે અને વાલીઓ આ તનાવ બાળકોમાં ઉભો કરે છે. શિક્ષણ શિખવા માટે છે, ટકા માટે નથી. અમે લોકો 10 અને 12 ક્યારે પાસ કરીને નીકળી ગયા, અમને ખબર પણ નથી. પરીક્ષાને

સહજતાથી લેવી જોઇએ. ટેંશન વાંચવાનું હોય તો ઠીક પણ ટકાવારીનું ટેંશન રાખવું વ્યર્થ છે, કેમકે મારા હાથમાં વાંચવાનું છે, ટકા મારા હાથમાં નથી. વાંચશો તો 100 % સારુંપરિણામ આવશે. ટકાનું ટેંશન તમને વાંચવામાં એકાગ્ર નહિ થવા દે અને પરિણામ બગાડશે. મા બાપને પણ ટકોર કરતા કહ્યું કે તમે પણ બાળકો પ્રમાણેની દિનચર્યાને પરીક્ષાના દિવસોમાં અનુસરો. ઘણીવાર મોટીવેશનના આવા પ્રોગ્રામોનવું ટેંશન ઉભું કરે છે.

પરીક્ષા માત્ર કસોટી છે કે આપે આખું વર્ષ કેટલું શીખ્યા છો. આ અવસરે ગંગારામે પણ વિચારો રજુ કર્યા હતા. ગજેરા સાહેબે સમણશ્રીનો આભાર માન્યો હતો. આ પ્રસંગે શહિદ થયેલા વીર જવાનોને ભાવથી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.





## અમૃતસર પ્રવાસ તા. 17-23 ફેબ્રુઆરી

---

સમણ શ્રુતપ્રજ્ઞજી, ગંગારામ અને મનોજ બગડા એક અઢવાડિયા માટે અમૃતસરના પ્રવાસે ગયા હતા. રમણીય- શાંત અને સ્વચ્છ સુવર્ણ મંદિરમાં ભક્તિ અને ધ્યાનનો અનુભવ કર્યો હતો.વાઘા બોર્ડરની પણ મુલાકાત લીધી હતી. અહીં મંદિરના પંડિતો સાથે વાર્તાલાપ પણ કર્યો હતો. સ્થાનીય ગુરુ હરિકૃષ્ણ પબ્લિક સ્કુલની મુલાકાત લીધી હતી. અનુભવ અતિ હકારાત્મક રહ્યો હતો.





## સર્વ મંગલમ આશ્રમ - સાગોડિયામાં ચાર દિવસનો પ્રવાસ

---

**( અનેક શૈક્ષણિક સંસ્થાઓમાં કાર્યક્રમ )**

સમણ શ્રુતપ્રજ્ઞજી તા. 26 ફેબ્રુ થી માર્ચ 1 સુધી સાગોડિયા - સર્વ મંગલમ આશ્રમમાં પધારેલ હતા. અહીં તેમને આશ્રમની સ્કૂલમાં વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું. તે ઉપરાંત આશ્રમમાં રહેતા સાધકોને સત્સંગના માધ્યમથી સાધનાનું મહત્વસમજાવ્યું હતું. તા. 27ના તેઓએ પી.એમ. એગ્રેજી માધ્યમ સ્કૂલ - ઘિણોજ - મહેસાણામાં બાળકોને મૂલ્ય શિક્ષણ પર માર્ગ દર્શન આપ્યું હતું. સાથો સાથો વોટર પાર્ક ગ્રુપની ડિવાઇન ચાઈલ્ડ સ્કૂલમાં બોર્ડની પરીક્ષાના સંદર્ભે બાળકોને હકારાત્મકઅભિગમ રાખી પરીક્ષા આપવાની પ્રેરણા આપી હતી. શ્રીમતી આનંદીબેન બધા જ કાર્યક્રમના સાક્ષી રહ્યા હતા અને આશ્રમની સ્કૂલ એમના માર્ગદર્શન નીચે ખૂબ સારી રીતે ચાલી રહી છે. પાટણમાં આવેલા સર્વ મંગલમ આશ્રમમાં પણ સાધકોનેસમણજીએ સંબોધ્યા હતા.સમણજીની સાથે ગંગારામ - ગ્રેહામ સાથે જ હતા અને બધા કાર્યક્રમમાં

ભાગ લીધો હતો. સાગોડિયા આશ્રમ ખૂબ જ શાંત, રમણીય અને પ્રકૃતિથી ભરપૂર છે. આત્મ સાધના કરનાર સાધકો માટે ખૂબ સરસ છે અને બધીજ રહેવા અને જમવાની સુંદર વ્યવસ્થા પણ છે.








Experience the new look and feel of our website which is having more comfortable and updated information about us. Kindly visit : www.pomyc.org

## Contact Us

Peace of Mind Foundation
'Abhavalay',
Vinayak Vatika, Opp. Madhapar Bus Stop, Jamnager Road, Rajkot - 360006, Gujarat, India.

Donate Now!

## Get In Touch

+91 9427366164
http://www.pomyc.org
pomyc.org@gmail.com